# દાંતા તાલુકાના વેલવાડા ગામે પ્રતિબંધિત તથા અખાદ્ય વસ્તુઓ વેચાણ કરનાર સામે તંત્રની લાલ આંખ



અંબાજી

દાંતા તાલુકાના વેલવાડા ગામે કોરોના મહામારીના સમયમાં સરકારશ્રી દ્વારા પ્રતિબંધિત કરાયેલ વસ્તુઓ જેવી કે તમાકુ,બીડી,ગુટકા,સિગારેટ જેવી વસ્તુઓ વેચાણ થતી હોવાની ખાનગી માહિતી તાલુકા વહીવટીતંત્રને મળેલ હતી. જે સંદર્ભે દાંતા તાલુકાના મદદનીશ કલેક્ટરના માર્ગદર્શન હેઠળ ટીમ દ્વારા તપાસ કરવામાં આવતાં વેલવાડા ગામના રહીશ મેમણ હનીફભાઈ ઈસ્માઈલભાઈના ઘરે તમાકુ, બીડી, ગુટકા, સિગારેટ જેવી વસ્તુઓનો જથ્થો મળી આવ્યો હતો જે તમામ જથ્થો આ વ્યક્તિ દ્વારા કરિયાણાના સામાનની આડમાં છૂપાવીને વેચાણ કરવામાં આવતો હતો. ટીમ દ્વારા પ્રમુખશ્રી ગ્રાહક સુરક્ષા મંડળ દાંતા સાથે સંયુક્ત સઘન તપાસ કરી આવો જથ્થો મળી આવતાં તે તમામ જથ્થો પોલીસ સ્ટેશન ખાતે લાવી નાશ કરવામાં આવ્યો હતો. તેમજ વેચાણ કરનાર ઈસમ સામે ધોરણસરની ફરિયાદ કરવા સારૂ પોલીસ સબ ઈન્સ્પેક્ટર શ્રી દાંતાને જાણ કરવામાં આવેલ છે.

# અરવલ્લીમાં કોરોનાના પાંચ દર્દીઓ સ્વગૃહે પરત

## નાંદીસણ, રાજલી અને લિંબોદરાના દર્દીઓ સાજા થતા હોસ્પિટલમાંથી રજા અપાઇ : દર્દીઓના વિદાય વેળાએ જિલ્લા વિકાસ અધિકારી ઉપસ્થિત રહી તાલીઓથી સન્માન આપ્યું : જિલ્લામાં હજી કોરોનાના ૧૨ દર્દીઓ સારવાર હેઠળ

અરવલ્લી જિલ્લામાં કોરોનાનો વ્યાય વધતા જિલ્લાના માલપુર તાલુકાને બાદ કરતા તમામ તાલુકાઓમાં કોરોના પોઝીટીવના કેસ સામે આવતા જિલ્લામાં કોરોનાનો આંક ૧૯ સુધી પંહોચી ગયો હતો પરંતુ જિલ્લા વહિવટીતંત્ર અને આરોગ્ય વિભાગની મહેનત રંગ લાવતા આજે પાંચ દર્દીઓને મોડાસાના કોવિડ કેર સેન્ટરમાંથી રજા આપવામાં આવી હતી. આ દર્દીઓને હિંમત આપવા જિલ્લા વિકાસ અધિકારી અને આરોગ્ય વિભાગ હાજર રહી તાલીઓથી સન્માન આપ્યુ હતું.

આ અંગેની વિગત આપતા જિલ્લાના મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી ડૉ. અમરનાથ વર્મા જણાવ્યું હતુ કે, જિલ્લામાં અત્યાર સુધી કોરોના પોઝીટીવના ૧૯ કેસ નોંધાયા હતા. જે પૈકી ભિલોડાના એક દર્દીના મરણ બાદ જિલ્લામાં ૧૮ એક્ટીવ કેસ હતા. જેમાં શુક્રવારના રોજ ધનસુરા તાલુકાના છેવાડીયાના એક મહિલા સ્વસ્થ્ય





બાદ રજા આપવામાં આવી હતી. જયારે શનિવારના રોજ મોડાસાનાના રાજલી ગામના ૨૨ વર્ષિય દિનેશકુમાર જગદિશભાઈ પરમાર જયારે નાંદીસણના ૬૦ વર્ષિય તારાબા નારણસિંહ ચૌહાણ, ૫૫ વર્ષિય વિજયસિંહ ઈન્દુસિંહ ચૌહાણ તથા ચાર વર્ષિય વર્ષિય જીનાબા ધર્મેન્દ્રસિંહ ચૌહાણ તેમજ મેઘરજના લીંબોદરાના ૨૬ વર્ષિય સંજય માલીવાડ સહિતના પાંચેય દર્દીઓનો બીજા બે રીપોર્ટ નેગેટીવ આવતા મોડાસાના કોવીડ કેર સેન્ટરમાંથી દર્દીઓને રજા આપવામાં આવી હતી. આમ જિલ્લામાં કુલ ૬ દર્દીઓએ કોરોનાને મ્હાત આપતા જિલ્લા માટે શનિવાર શુભ સાબિત થયો હતો.

જિલ્લામાં હાલ કોરોના ૧૨ દર્દીઓ સારવાર હેઠળ છે.

મોડાસાની સાર્વજનિક હોસ્પિટલ ખાતે તૈયાર કરાયેલ કોવિડ હોસ્પિટલ બાદ તેમને કોવિડ કેર સેન્ટર ખાતે સારવાર અપાઈ રહી હતી. આ તમામને રજા આપતા ડાંકટરો, નર્સ અને સ્ટાફે તાળીઓથી અભિવાદન કરી હોસ્પિટલમાંથી વિદાઈ આપી હતી.

આ દર્દીઓની હિંમત વધારવા માટે અરવલ્લી જિલ્લા વિકાસ અધિકારી શ્રી ડૉ. અનિલ ધામેલીયા, જિલ્લાના મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી ડૉ. અમરનાથ વર્મા, કોવિડ હોસ્પિટલના નોડલ અધિકારી, ડાંકટરો, નર્સ અને કોવિડ હોસ્પિટલનો સ્ટાફ તેમજ આરોગ્ય ટીમ ઉપસ્થિત રહી હતી.

## અરવલ્લીવાસીઓ કોરોના સામેની લડાઈ માટે સંકલ્પબદ્ધ બન્યા

ગુજરાત રાજયના સ્થાપના દિવસે મુખ્યમંત્રી વિજય રૂપાણીએ કોરોના સંક્રમણ સામે લડત આપવા દરેક ગુજરાતીને ત્રણ સંકલ્પ લેવા આહવાન કર્યું છે ત્યારે જિલ્લા કલેક્ટર અમૃતેશ ઔરંગાબાદકરે આજ રોજ કોરોના સામેની લડાઈમાં સંકલ્પ લઈને પ્રતિજ્ઞાબદ્ધ થયા હતા.

તેમણે પ્રતિજ્ઞા લીધી હતી કે હું માસ્ક પહેર્યા વગર બહાર નહીં નીકળું, હું સામાજિક અંતરનું પાલન કરીશ અને દો ગજ દૂરીની વાત ભૂલીશ નહી. હું દિવસમાં વારંવાર સાબુથી હાથ ધોઈશ અને સેનેટાઈઝ કરીશ. કલેક્ટર અમૃતેશ. ઔરંગાબાદકરે જણાવ્યું કે જિલ્લાના તમામ નાગરિકોએ આ સંકલ્પ લેવો જોઈએ અને અન્ય લોકોને પ્રેરીત કરવા માટે સોશિયલ મિડિયા પર તેને શેયર કરવા પણ જણાવ્યું છે.

જિલ્લાની વિવિધ સરકારી કચેરીઓ જેવી કે વહિવટી વિભાગ, આરોગ્ય વિભાગ, માહિતી વિભાગના કર્મચારીઓએ પણ કોરોના સામેની લડાઈમાં આ ત્રણ સંકલ્પ લીધા હતા.

## વાત્રક કોવીડ-૧૯ હોસ્પિટલ સ્ટાફે કોરોનાને મ્હાત આપનાર

# છેવાડીયાની મહિલાને તાળીઓના સન્માન સાથે વિદાય આપી

કોરોના સામે લડાઈ લડી રહેલા અરવલ્લી જીલ્લાને રેડ ઝોનમાં સમાવિષ્ટ કરતા લોકોમાં ચિંતા જોવા મળી રહી છે ત્યારે જીલ્લા માટે રાહતના સમાચાર આવ્યા છે. અમદાવાદથી ખાનગી વાહન મારફતે ધનસુરાના છેવાડીયા ગામે આવેલી મહિલા કોરોના પોઝેટીવ આવતા



વાત્રકની કોવીડ-૧૯ હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડાઈ હતી. કોરોના ગ્રસ્ત જાહેર થયેલી ૪૦ વર્ષીય મહિલા રિકવરી સ્ટેજ આવ્યા બાદ સારી થઈ ગઈ છે. કોરોનાના લક્ષણ બંધ થયા બાદ તેનો પહેલો રિપોર્ટ નેગેટિવ આવ્યો છે. બાદ બીજો રિપોર્ટ પણ નેગેટિવ આવતા મહિલાને ૧૦ દિવસ પછી રજા આપવામાં આવતા વાત્રક કોવીડ-૧૯ હોસ્પિટલમાં ફરજ બજાવતા કોરોના વોરિયર્સે તાળીઓના સન્માન સાથે વિદાય આપી હતી. પત્નીને લેવા પહોંચેલ પતિ-પત્ની ભાવુક થયા હતા અને હોસ્પિટલના કોરોના વોરિયર્સનો આભાર વ્યક્ત કર્યો હતો.

અમદાવાદથી ૪૦ વર્ષીય રેણુકાબેન મેહરીયા નામની મહિલા ધનસુરાના છેવાડીયા ગામે આવી પહોંચતા આરોગ્ય વિભાગને જાણ થતા મહિલાને વાત્રક હોસ્પિટલમાં આઈસોલેશન વોર્ડમાં ખસેડી મહિલાના કોરોના ટેસ્ટ માટે પરીક્ષણ કરાવતા મહિલાને કોરોના રિપોર્ટ પોઝેટીવ આવતા આરોગ્ય તંત્રમાં હડકંપ મચ્યો હતો.

આરોગ્ય વિભાગે મહિલાના સંપર્કમાં આવેલા પરિવારજનો, આસપાસ રહેતા લોકોને કોરન્ટાઈન કરી થર્મલ સ્ક્રીનિંગની કામગીરી યુદ્ધના ધોરણે હાથ ધરી દીધી હતી. છેવાડીયા ગામમાં અને આજુબાજુના વિસ્તારમાં પ્રવેશ પ્રતિબંધ ફરમાવી દીધો છે મહિલાને વાત્રક કોવીડ-૧૯ હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડી હતી. ૧૦ દિવસની સારવાર બાદ મહિલાએ કોરોનાને હરાવવામાં સફળ રહેતા મહિલા દર્દીને રજા આપવામાં આવતા મહિલાને હોસ્પિટલમાં ફરજ બજાવતા આરોગ્ય કર્મચારીઓએ તાળીઓના નાદથી વધાવી લીધી હતી. કોરોના વોરિયર્સે આપેલા સન્માનથી મહિલા અને તેનો પતિ ગદગદિત બન્યા હતા અને મહિલાને સારવાર આપનાર કોરોના વોરિયર્સને બિરદાવ્યા હતા અને હોસ્પિટલ છોડતા આભાર વ્યક્ત કર્યો હતો.

## અરવલ્લીના ૧૨૦થી વધુ લોકોએ પરપ્રાંતમાં જવાની મંજૂરી માંગી

કેન્દ્ર સરકાર દ્વારા લોકડાઉન જાહેર કરાયા બાદ લોકો જ્યાં હોય ત્યાં રોકાઈ જવાનું નિર્ણય કરાયો હતો. લાંબા સમયથી આશ્રય સ્થાનોમાં રહેલા રાજસ્થાન, મધ્યપ્રદેશ, ઉત્તરપ્રદેશ સહિત અન્ય રાજયના લોકોને પોતના વતન જવાની પરવાનગી કેન્દ્ર સરકાર દ્વારા અપાઈ છે. જેને લઈ રાજ્ય સરકાર પણે ગુજરાત પોર્ટલ પર ઓનલાઈન અરજી કરી પેસેન્જર વાહન સાથે પરત ફરવાની છૂટ આપી છે. જિલ્લામાં હોય તેવા પરપ્રાંતીય, યાત્રાળુ, વિધાર્થીઓ, પરીવારથી વિખૂટા પડેલા સ્વજન તેમજ વ્યાપારીક હેતુ માટે અન્ય રાજયમાં જવા ઈચ્છતા હોય તેવા લોકોએ www. digitalgujarat.gov.in પર ઓનલાઈન અરજી કરવાની રહેશે. તેની સાથે અરજીમાં પેસેન્જર વ્હિકલ લઈ જવાના હોય તેની વિગત અને સાથે જનારા લોકોના આધારકાર્ડ સહિત અગત્યના પુરાવા જોડવાના રહેશે. અન્ય રાજયમાં જનારા લોકોએ પોતાના સ્વાસ્થ્યનુંપ્રમાણપત્ર નજીકના આરોગ્ય કેન્દ્ર પરથી મેળવીને આ પ્રમાણપત્ર મળ્યા બાદ બે દિવસમાં મુસાફરી શરૂ કરવાની રહેશે. અરવલ્લીમાં આશ્રય લઈ રહેલા અન્ય રાજ્યના ૧૨૦થી વધુ લોકાએ પોતાના વતન જવા માટે ઓનલાઈન અરજી કરી છે.

# મોડાસાની ૨૨ વર્ષીય યુવા તબીબ દીકરી મુંબઈમાં કોરોના વોરિયર્સ

## મુંબઈના ભાયખલ્લાની મશીના હોસ્પિટલમાં કોરોનાની સારવારમાં તૈનાત

મોડાસા, તા. ૨

મુંબઈમાં કોરોના મહામારીને નાથવા તમામ પ્રયાસો થઈ રહ્યા હોવા છતાં કોવિડ-૧૯નો ઉપદ્રવ કાબૂમાં આવતો નથી. રોજેરોજ દર્દીની સંખ્યા વધતી જાય છે. કોરોના કહેરના પગલે મુંબઈ શહેરમાં કન્ટેન્મેન્ટ ઝોનની સંખ્યા વધીને ૧,૨૧૨ પહોંચી છે સરકારી અને ખાનગી હોસ્પિટલોને કોવીડ-૧૯ હોસ્પિટલમાં ફેરવી દઈ કોરોના પોઝેટીવ દર્દીઓને સઘન સારવાર આપવામાં આવી રહી છે ત્યારે મોડાસાની ૨૨ વર્ષીય તબીબ યુવતી



કેયા પ્રજાપતિ મુંબઈના ભાયખલ્લા એરિયાની મશીના હોસ્પિટલમાં ખડેપગે કોરોના વોરિયર્સ તરીકે જવાબદારી નિભાવી રહી છે.

મોડાસા શહેરના જાણીતા સ્ત્રીરોગ નિષ્ણાત તબીબ ડૉ. કંદર્પ પ્રજાપતિની ૨૨ વર્ષીય પુત્રી ડૉ. કેયા પ્રજાપતિ મુંબઈના ભાયખલ્લા વિસ્તારમાં આવેલી મશીના હોસ્પિટલમાં સાયકિયાટ્રીસ્ટ તરીકે માસ્ટર ડિગ્રી કરી રહી છે. મહારાષ્ટ્રમાં અને મુંબઈ શહેરમાં કોરોનાએ હાહાકાર મચાવતા મોટા ભાગની હોસ્પિટલ કોવીડ-૧૯ માં તબદીલ કરવામાં આવી છે. મશીના હોસ્પિટલમાં રેસિડેન્સ તબીબ તરીકે ફરજ બજાવતી હોવાથી કોરોનાની મહામારીમાં કોરોના વોરિયર્સ તરીકે જોડાઈ હોસ્પિટલમાં કોરોના પોઝેટીવ દર્દીઓને ખડેપગે સારવાર આપી રહી છે. હાલ ખાનગી હોસ્પિટલના કેટલાક તબીબો કોરોના મહામારીમાં દવાખાના બંધ કરી ઘરમાં પુરાઈ રહ્યા છે ત્યારે ડૉ. કેયા પ્રજાપતિ કોરોના યોદ્ધા તરીકે પીપીઈ કીટ પહેરી કોરોના સામેના યુદ્ધમાં નિષ્ઠાવાન સૈનિકની ભૂમિકામાં અડીખમ ઉભી રહી અન્ય તબીબોને કોરોના સામેના જંગમાં ઉતારવા પ્રોત્સહન આપી રહી છે.

ડૉ. કેયા પ્રજાપતિના પિતા ડૉ. કંદર્પ પ્રજાપતિના જણાવ્યા અનુસાર હાલ તેમની પુત્રી મુંબઈના ભાયખલ્લા વિસ્તારમાં આવેલ મશીના હોસ્પિટલમાં રેસિડેન્સ તબીબ તરીકે એકલી રહી મનોચિકિત્સક તબીબનો ઉચ્ચ અભ્યાસ કરી રહી છે. ભાયખલ્લા વિસ્તારમાં કોરોનાના સંક્રમિત દર્દીઓની સંખ્યા વધુ હોવાથી મશીના હોસ્પિટલને કોવીડ-૧૯ હોસ્પિટલમાં ફેરવતા ડૉ. કેયા પણ કોરોના વોરિયર્સ તરીકે કોરોનાની કપરી સ્થિતિમાં તબીબ ધર્મ નિભાવી રહી છે અને આ ઘડી તબીબ પિતા માટે ગૌરવપૂર્ણ બની રહી છે.

# હિંમતનગર સિવિલમાંથી કોરોનાના દર્દીને રજા અપાઈ

હિંમતનગર, તા. ૨

સાબરકાંઠા જિલ્લામાં અત્યાર સુધી કોરોના પોઝેટીવના ત્રણ કેસ નોંધાયા હતા તે પૈકી બે દર્દીઓને ટેસ્ટમાં નોગેટીવ રીપોર્ટ આવ્યા બાદ શુક્રવારે આ મહિલાને સિવિલના સ્ટાફ દ્વારા રજા આપવામાં આવી હતી. સિવિલના તબિબ ડૉ. દાખલ કરાયા બાદ રીપોર્ટ કરાવાતા કોરોનાના લક્ષણો જણાયા હતા જેથી આ મહિલાને આીસોલેશન વોર્ડમાં રખાયા બાદ સારવાર અપાઈ હતી



હિંમતનગર સિવિલમાં જ્યારે અન્ય એક દર્દીને અમદાવાદની યુ.એન. મહેતા હોસ્પિટલમાં દાખલ કરાયો હતો જે પૈકી હિંમતનગર સિવિલમાં દાખલ કરાયેલ પ્રાંતિજ તાલુકાના મોયદ(માઢા) ગામની મહિલાની તબિયત સ્વસ્થ થયા બાદ અને તેના એન.એમ. શાહના જણાવ્યા મુજબ થોડાક દિવસ અગાઉ પ્રાંતિજ તાલુકાના મોયદ (માઢા) ગામની મહિલા ગમે તે કારણોસર કોરોના દર્દીના સંપર્કમાં આવ્યા બાદ આ મહિલા બિમારીમાં સપડાઈ હતી અને તેણીને હિંમતનગર સિવિલમાં અને તબક્કાવાર રીપોર્ટ કરાવાતા તેની તબિયતમાં સુધારો જણાયો હતો અને સરકારની ગાઈડલાઈન મુજબ પાંચથી વધુ રીપોર્ટ કરાવાયા હતા જેમાં તમામ રીપોર્ટ નેગેટીવ આવતા સિવિલના સત્તાવાળાઓની સારવાર કારગત નીવડી હતી.

## ડીસાના રાણપુરમાં જીપ નીચે આવી જતા બાળકનું મોત

ડીસા, તા. ૨

ડીસા તાલુકાના રાણપુર ગામે રહી ખેત મજૂરી કરતા પુનાભાઈ રૂપાભાઈ બુમડિયા ખેતરમાં હતા તે દરમિયાન ગુરૂવારે દિનેશભાઈ બાબુભાઈ માળી પોતાનું જીપડાલુ લઈ ટેટી ભરવા માટે આવ્યા હતા અને ટેટીના ઢગલા પાસે જીપડાલુ રિવર્સ લેવાનું હોઈ તેમણે પુરઝડપે ગફલતભરી રીતે જીપ ડાલું હંકારતા હતા. નજીકમાં જ ઉભેલ પુનાભાઈ બુમ્બડિયાનું ચારેક વર્ષનું બાળક જીપના પાછળના ભાગે આવી કચડાઈ જતા તેને ગંભીર ઈજાઓ પહોંચી હતી. સારવાર દરમિયાન તેનું મોત નિપજતા ગરીબ પરિવારમાં ભારે રોકકળ મચી જવા પામી હતી. આ મામલે પુનાભાઈ બુમ્બડિયાએ ડીસા તાલુકા પોલીસ મથકે જીપચાલક દિનેશભાઈ બાબુભાઈ માળી વિરુદ્ધ ફરિયાદ નોંધાવતા પોલીસે વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# અમદાવાદ પોલીસકર્મી કોરોના પોઝેટીવ આવતા અરવલ્લીમાં ફફડાટ

## ખડોદા ગામે પરિવારને મળવા સતત અવર-જવર કરતો હતો

કોરોના વોરિયર્સ તરીકે ફ્રન્ટ લાઈનમાં કામ કરતા પોલીસતંત્રના કર્મચારીઓ અને અધિકારીઓ પણ કોરોનાગ્રસ્ત બની રહ્યા છે. અમદાવાદમાં પોલીસકર્મીઓ અને અધિકારીઓને કોરોના પોઝેટીવ થવાના આંકડાઓમાં ઉત્તરોત્તર વધારો થઈ રહ્યો છે ત્યારે મોડાસા તાલુકાના ખડોદા ગામના અને અમદાવાદ પોલીસતંત્રમાં ફરજ બજાવતો પોલીસકર્મી લોકડાઉનમાં તેના પરિવારને ખડોદા મૂકી પરત અમદાવાદ ફરજ પર જતો રહ્યો હતો. લોકડાઉનમાં પણ પરિવારજનોને સતત મળવા ખડોદા આવતો હતો સોમવારે ખડોદા પરિવારને મળી પરત અમદાવાદ પહોંચ્યો હતો, મંગળવારે પોલીસકર્મીની તબિયત લથડતા અમદાવાદમાં યુવકનો કોરોના રિપોર્ટ પોઝેટીવ આવતા ભારે હડકંપ મચ્યો હતો. અરવલ્લી જીલ્લા આરોગ્ય તંત્રએ પોલીસકર્મીના પરિવાર અને તેના સંપર્કમાં આવેલા લોકોનું થર્મલ સ્ક્રીનિંગ કરી હોમકોરન્ટાઈન કરી સર્વેની કામગીરી હાથ ધરી છે. પોલીસકર્મીની બેદરકારીના પગલે ખડોદા ગામના લોકોમાં ફફડાટ ફેલાયો છે.

મોડાસા તાલુકાના ખડોદા ગામના જયેશભાઈ અમૃતભાઈ મકવાણા અમદાવાદ પોલીસતંત્રમાં ફરજ બજાવે છે, પરિવાર સાથે અમદાવાદ સ્થાયી થયો છે કોરોના મહામારીને પ્રસરતી અટકાવવા કેન્દ્ર સરકારે લોકડાઉન જાહેર કરતા પોલીસકર્મી તેના પરિવારને ખડોદા વતનમાં મૂકી ગયો હતો અને પરિવારજનોને મળવા ખડોદા સતત અવર-જવર કરતો હતો. સોમવારે પોલીસકર્મી જયેશ મકવાણા ફરજ પુરી કરી પરત ખડોદા પહોંચ્યો હતો અને મંગળવારે પરત અમદાવાદ ગયા પછી પોલીસકર્મીની તબિયત લથડતા તેને સારવાર લીધી હતી. શંકાસ્પદ કોરોનાના લક્ષણો જણાતા પોલીસકર્મીનો રિપોર્ટ કરાવતા પોલીસકર્મીનો કોરોના પોઝેટીવ આવતા અરવલ્લી જીલ્લા આરોગ્ય તંત્રને જાણ થતા તાબડતોડ પોલીસકર્મીના પરિવારજનો અને પોલીસકર્મીના સંપર્કમાં આવેલા લોકોનું થર્મલ સ્ક્રીનિંગ કરી સર્વેની કામગીરી હાથ ધરી હતી. હાલ તો પોલીસકર્મીના પરિવારજનો અને તેના સંપર્કમાં આવેલા લોકોને કોઈ પણ જાતની શારીરિક તકલીફ ન હોવાથી હોમકોરન્ટાઈન કરવામાં આવ્યા છે.

અમદાવાદ કોરોનાના અજગરી ભરડામાં લપેટાયું છે ત્યારે હોટસ્પોટ વિસ્તારમાં ફરજ બજાવતા પોલીસકર્મીની બેદરકારીના લીધે ખડોદા સહીત આજુબાજુ પંથકના લોકોમાં કોરોના સંક્રમિત થવાનો ભય પેદા થતા ફફડાટ ફેલાયો છે.

# બેંક ઓફ બરોડા દ્વારા વિશિષ્ટ 'મેગા એમ.એસ. એમ.ઈ. આઉટરિચ પ્રોગ્રામ'

અત્યારે કોવિડ-૧૯ રોગચાળા અને એના પગલે લોકડાઉન લાગુ હોવાથી એમએસએમઈ ક્ષેત્ર અતિ મુશ્કેલ તબક્કામાંથી પસાર થઈ રહ્યું છે. આ સમયે સંપૂર્ણ દેશમાં એમએસએમઈ ઋણધારકો સાથે જોડાવા બેંક ઓફ બરોડાએ આજે 'મેગા એમએસએમઈ આઉટરિચ પ્રોગ્રામ' નામની વિશિષ્ટ પહેલ હાથ ધરી હતી.

આ લાઈવ વેબિનારમાં બેંકના સંબંધિત સેન્ટ્રલ મેનેજરો, ઝોનલ મેનેજરો, રિજનલ મેનેજરો, બ્રાન્ચ મેનેજરો અને એસએમઈ લોન ફેક્ટરીઓના હેડની સાથે મોટી સંખ્યામાં એમએસએમઈ ઋણધારકો સહભાગી થયા હતા, જેનું સંચાલન એક્ઝિક્યુટિવ ડાયરેક્ટર વિક્રમાદિત્યસિંહ ખીંચીએ કર્યું હતું. આ એમએસએમઈની ચિંતાઓ દૂર કરવાની કવાયત હતી, જેમાં ભારત સરકાર, રિઝર્વ ઓફ ઈન્ડિયા અને ખાસ કરીને બેંક ઓફ બરોડાએ તેમને આ પડકારોને ઝીલવામાં મદદરૂપ હાથ ધરેલા પ્રયાસો અને વિવિધ પગલાંઓની જાણકારી આપવામાં આવી હતી.

# ડીસામાં સસ્તા અનાજની દુકાનના વેપારીઓ પાસના અભાવે પરેશાન

## વિતરણ વ્યવસ્થા સાથે અવરજવરમાં પણ હાલાકી

ડીસા, તા. ૨

બનાસકાંઠામાં લોકડાઉનની સ્થિતિમા જીવન જરૂરિયાતની ચીજવસ્તુઓનુ વિતરણ કરતાં વેપારીઓને અવર જવર અને જાહેર સેવા માટે સરકારે પાસ આપ્યા છે પરંતુ ડીસા શહેરમાં સસ્તા અનાજની દુકાનોમાં કેટલીક જગ્યાએ ત્રણને બદલે માત્ર એક જ પાસ અપાતા વિતરણ વ્યવસ્થા સાથે તેમને અવર જવરમા પણ મુશ્કેલી પડી રહી છે. લોકડાઉનને કારણે લોકોને જીવન જરૂરિયાતની ચીજ વસ્તુઓ મેળવવામા કોઈ અગવડ ન પડે તે માટે સરકાર દ્વારા સસ્તા અનાજની દુકાનોના સંચાલકોને વિશેષ



જવાબદારી સોંપવામાં આવી છે જેમા રાશનના વિતરણ અને તેને સંબંધિત સેવા માટે સરકારે દુકાન દીઠ સંચાલક, કોમ્પ્યુટર ઓપરેટર અને તોલાટને પાસ આપ્યા છે જો કે ડીસા શહેરમાં તંત્ર દ્વારા કેટલીક દુકાનોમાં માત્ર એક જ પાસ અપાયા છે જેના કારણે પાસ વિનાના સ્ટાફને અવર જવર અને વિતરણ વ્યવસ્થામા અગવડ પડે છે કારણ પાસ વિના પોલીસ અટકાવે છે જેથી ઘણીવાર વિતરણ વ્યવસ્થા ખોરવાય છે. એટલે સસ્તા અનાજની દુકાનોમા સંકળાયેલા લોકોને પણ પાસ આપવામાં આવે તેવી માંગણી ઉઠવા પામી છે.